રજુ તારીખ :
દાખલ તારીખ :
ફૈંસલ તારીખ :
અવધિ : વર્ષ માસ દિવસ.

અમદાવાદ (ગ્રામ્ય) ના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મીરઝાપુર, અમદાવાદ.

**ફોજદારી કેસ નં.૪૭૬૦/૨૦**

આંક–

ફરીયાદી : સ ર કા ર શ્રી.

વિરૂ ધ્ધ.

આરોપી : દિપેનભાઈ કનૈયાલાલ શાહ

ફરીયાદી તર્ફે વિ. વ.શ્રી એ.પી.પી. અને આરોપી તર્ફે વિ.વ.શ્રી.

**ગુનો : ઈ.પી.કો.ક. ૨૭૯**/૩૩૭/૪૨૭/ **તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪ , ૧૩૪(બી) મુજબ.**

–:**ચૂ કા દો**:–

૧. **ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,**

**આ કામના આરોપીએ** ચાર્જશીટમાં દર્શાવેલ વિગતે પોતાના હવાલા વાળુ વાહન **પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદી/સાહેદને ટકકર મારી પાડી દઈ, શરીરના જુદા જુદા ભાગે ઈજાઓ પહોંચાડી,** ઉપરોકત કલમો મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે અને તે મુજબ આરોપી સામે ચાર્જશીટ કરેલ છે.

૨. આરોપી સામે ચાર્જશીટ ફાઈલ થતાં આરોપીનેમ સમન્સ કરેલ જે અન્વયે આરોપી હાજર થતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરેલ છે.

૩. **આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

–:**આ ખ રી હું ક મ**:–

**આ કામના આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી, ઈ. પી. કો. ક. ૨૭૯**/૩૩૭/૪૨૭/ **તથા એમ. વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબના** ગુનામાં કસુરવાર ઠરાવી **રૂા. ૫૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરા**

**જો આરોપી દંડ ન ભરે તો દિન–** સાત **ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**ઉપરોકત ચુકાદો** આજ રોજ સ્પે. સીટીંગમાં **જાહેર કર્યો.**

**તા.** 10/7/2021

ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર,
અમદાવાદ.